**કૃપાકરી પ્રસિધ્ધી માટે** **૨૩ ડિસેંબર ૨૦૧૧**

## ભટકયા - વિમુકત સમાજનાં લાભાર્થે વ્યાયામશાળા અને સંસ્કાર કેંદ્રનું ઉદ્‌ઘાટન

### *સમાજના અસહાય, અનિકેત, અકિંચન વર્ગ માટે નું કાર્ય - દાદા ઈદાતે*

**મુંબઈ,શુક્રવાર :** "મહારાષ્ટ્રની ૧૫ ટકા વસ્તી ભટકયા વિમુકત જાતી ધરાવે છે. કુલ સવા કરોડ લોકોની અને હજુ આજે પણ અંધશ્રધ્ધાથી, અને સમાજથી વિખુટા પડયાની સ્થિતીથી પીડાતી આ કોમ માટે રાજર્ષી શાહુ મહારાજ સંસ્કાર કેંદ્ર અને વ્યાયામશાળા ની ઈમારત ઉભી કરી એક ઉમદા સામાજીક કાર્ય થયાનો શ્રેય પુર્વ કેંદ્રિય પ્રધાન શ્રી રામ નાઈક અને ભાજપના પ્રવકતા સાંસદ શ્રી પ્રકાશ જાવડેકર ને હું આપું છું. સમાજ માટે વિચારતા લોકોજ આ કામ કરી શકે." ગઈકાલે માગઠાણે ખાતે ફૂલપાંખરૂ મેદાનમાં સરોદે સમાજ ઉન્નતી મંડળના સંસ્કાર કેંદ્ર અને વ્યાયામશાળા ના ઉદ્‌ઘાટન કાર્યક્રમમાં ભટકયે વિમુકત લોકો માટે કામ કરનારી સંસ્થા રાષ્ટ્રીય સમરસતા મંચ ના રાષ્ટ્રીય સંયોજક કર્મવીર શ્રી દાદા ઈદાતે એ આ મહિતી આપી હતી. આ બાબતે વધુ વિગતવાર વાત કરતાં શ્રી દાદા ઈદાતે એ જણાવ્યું હતું કે " પુર્વ સમાજ કલ્યાણ મંત્રી શ્રી વિજયભાઈ ગિરકરે રૂ. ૨ લાખ ની રકમ આપી આ કાર્ય નો પાયો નાંખ્યો, ત્યારબાદ સાંસદ સ્વ.શ્રી વેદપ્રકાશ ગોયલે રૂ.૩ લાખ અને અંતે સાંસદ શ્રી પ્રકાશ જાવડેકરે પહેલાં રૂ.૧૨.૫૦ લાખ અને બીજા ટપ્પા માં રૂ.૭ લાખ આપી ૧૦૦૦ ક્ષેત્રફળ નું આ વાસ્તુ નિર્માણ થઈ શકયું. શ્રી પ્રકાશ જાવડેકરે કાયમ આ સમાજ માટે વિશેષ સહયોગ અને ધ્યાન આપેલ છે. શ્રી રામ નાઈકે જે સમય ભટકયા વિમુકત સમાજ નાં આ ઉમદા કાર્ય માટે ફાળવ્યો તેનો અહીં ઉલ્લેખ કરવો યોગ્ય ગણાશે."

પૂર્વ કેંદ્રિય પ્રધાન અને ભાજપના નેતા શ્રી રામ નાઈકે આ પ્રસંગે કહ્યું હતું કે : " ભટકયા વિમુકત સમાજ માં ગયાં વિના તેમના દુઃખ અને કષ્ટો ના સમજી શકાય. મારા બાળપણ થી મારાં ગામ આટપાડી ખાતે થી હું સતત આ કોમ ના સંપર્ક માં રહ્યો માટે જ આજે મુંબઈની ભવ્ય ઈમારતો વચ્ચે સમાજના ભટકયા વિમુકત વર્ગ ને તેમના હકક નું આ વાસ્તૂ મેળવ્યા બદલ જીવનમાં ઘણું સમાધાન મળે તેવી આ વેળાં છે. સરોદે ઉન્નતી મંડળ ના અધ્યક્ષ શ્રી સહદેવ રસાળ અને ભાજપ યુવા પાંખના મહારાષ્ટ્ર ના સચિવ શ્રી ગણેશ ખણકરને રાજર્ષી શાહુ મહારાજ વ્યાયામશાળા અને સંસ્કાર કેંદ્ર ના નિર્માણ માટે ઉઠાવેલ જહેમત માટે અને નગરસેવિકા શ્રીમતી ભારતી કેણી શ્રૃંગારપૂરે ને પાણી ની વ્યવસ્થા માટે મુંબઈ મહાનગરપાલિકા ના ફંડમાંથી રૂ.બે લાખ આપવા માટે અભિનંદન આપું છું, તેમજ શ્રી ભાઈ ગિરકરે આપેલ શરૂઆત નાં રૂ. બે લાખ અતી મહત્વનાં ગણાય. ત્યારબાદ સ્વ.શ્રી વેદપ્રકાશ ગોયલનો ફાળો અને અંતે સાંસદ શ્રી પ્રકાશ જાવડેકર ની ઉદાર હાથે ફાળવવામાં આવેલ ફંડને કારણે આ કાર્ય ને અંતિમ ઓપ મળ્યો તે મોટી આનંદ ની બાબત છે."

આ પ્રસંગે મુંબઈનાં ડે.મેયર શ્રીમતી શૈલજા ગિરકરે શ્રી દાદા ઈદાતે ને તેમનાં ભટકયા વિમુકતો માટેના સતત પ્રગતીશીલ અને સંસ્કાર,શિક્ષણ સિંચન ના કાર્યો માટે જ આચાર્ય શ્રી નરેંદ્ર મહારાજે કર્મવીર ની પદ્વી આપી છે તેનો ઉલ્લેખ કરી આ કાર્ય માં ફંડ અને સમયદાન આપેલ સર્વને અભિનંદન આપ્યા હતા. માજી ધારાસભ્ય શ્રી હેમેંદ્ર મહેતા, અનુસુચિત જાતીજમાતી ના ભાજપના રાષ્ટ્રીય મહામંત્રી શ્રી રમેશ મેઢેકર, ઉત્તર મુંબઈ ના ભાજપના અધ્યક્ષ શ્રી જગદીશ પટેલ, નાં વકતવ્યો પણ આ પ્રસંગે થયાં હતાં. ભટકયે વિમુકત વિકાસ પરિષદ સંલગ્ન, સરોદે સમાજ ઉન્નતી મંડળ આયોજીત આ કાર્યક્રમમાં ભાજપા મુબઈ નાં ઉપાધ્યક્ષ સર્વશ્રી જયપ્રકાશ ઠાકૂર, કરૂણાશંકર ઓઝા નગરસેવકો સર્વશ્રી મોહન મીઠબાવકર,પ્રવિણ શાહ,ભારતી કેણી શ્રૃંગારપૂરે, અશોક શાહ, ભાજપ ઉત્તર મુંબઈ ના મહામંત્રી સર્વશ્રી ઍડ.જયપ્રકાશ મિશ્રા, શ્રીકાંત પાંડે, દિલિપ પંડિત, શિવસેના ના સર્વશ્રી સુનીલ ચવ્હાણ, માજી નગરસેવિકા હર્ષવિણા સાટમ, વિભાગ સંઘટક રશ્મિ ભોંસલે વગેરે મહાનુભાવો ઉપસ્થિત રહ્યાં હતાં. સરોદે સમાજ ઉન્નતી મંડળ ના અધ્યક્ષ શ્રી સહદેવ રસાળે પ્રાસ્તાવિક કર્યુ હતું. શ્રી ગણેશ ખણકરે આભારવિધી કરી હતી. સંચાલન કુ. નિવેદિતા સાવંત અને શ્રી ગજાનન હેગડે ના સંપૂર્ણ વંદે માતરમ્ સાથે કાર્યક્રમનું સમાપન થયું હતું.

**(અધ્યક્ષ)**